GJSK190000372026

**પોશીનાના મહે.જયુડી.મેજી.ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પોશીના.**

**ક્રિમીનલ કેસ નંબર : ૨૬/૨૦૨૬**

**આંક – ૦૫ ના કબુલાત પુરશીશ લગત હુકમ**

**૧.** ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પ્રોહી કલમ –૮૫(૧) ગુન્હા અંગે ચાર્ઝશીટ કરેલ છે. ત્યાર બાદ હાલના કામે આરોપીને પ્રોહી કલમ – ૮૫(૧) માંથી અદાલત ધ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૬૨(૨) હેઠળ ડિસ્ચાર્ઝ કરવામાં આવેલ છે અને આરોપી સામે હાલ પ્રોહી કલમ – ૬૬(૧)(બી) મુજબનું તહોમત શેષ રહેલ છે.

૨. ત્યારબાદ, આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર થઈ, પોલીસ તપાસના કાગળોની મળ્યાની ખાત્રી કરી, હાલની પુરસીસ રજુ કરી આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે તેમજ આરોપીએ હાલની ગુન્હા કબુલાતની પુરસીસ રજુ કરીને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનુ જણાવેલ છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોઈ કબુલાતની પુરસીસ દાખલ કરવામાં આવી છે.

૩. આરોપી સામે પ્રોહી એકટની કલમ – ૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું તહોમત છે તેમજ આરોપીની સબબની કબુલાતની પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણોને ધ્યાને લેતાં આરોપી ગરીબ/મધ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ તેઓના તર્ફે અરજુઆત કરવામાં આવેલ છે કે, કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે. કુટુંબના માણસોના ભરણ પોષણની જવાબદારી પાર પાડવી તેમના શીરે છે. તેમના જણાવ્યા પ્રમાણે તેઓ ખુબ જ ગરીબ પરીસ્થીતી ધરાવતા ઈસમ છે અને ભારે દંડની રકમ ભરવા તેઓ સક્ષમ નથી. તેમજ આરોપીએ ગુન્હો કર્યાનો પણ અફસોસ વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો બીજો ગુન્હો નહી કરે તે અંગેની ખાત્રી આપે છે.

૪.   ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લેતાં અને ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે ૨૦૦૫(૫) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર,** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતો ધ્યાનમાં લઇને, નીચેની અદાલતોમાં કાયદામાં કરેલી જોગવાઇ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદર ચુકાદાના **પેજ નં.૭૨૧ ઉપર પેરા–૨૧** માં જે કારણો બતાવેલા છે તેને ધ્યાને લેતાં, ઉપરોકત ચુકાદો આરોપીના કેસને લાગુ તથા મદદરૂપ થતાં હોય તેમ આ અત્રેની અદાલતનું માનવુ છે. તેમજ રજુ થયેલ દસ્તાવેજો જોતાં સબબ કામના આરોપી સામે અગાઉ કોઈ આ મુજબનો ગુન્હો દાખલ થતાં તેઓને દોષિત ઠરાવવામાં આવેલ હોય તેમ માલુમ પડતુ નથી. જેથી સબબ કામે સજા અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

૧.   આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૫ અન્વયે પ્રોહી એકટની કલમ – ૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨.   આ કામના આરોપીને કોર્ટ ઉઠે ત્યાં સુધીની સાદી કેદની સજા તથા આરોપીએ કુલ **રૂા.૨૦૦/– (અંકે રુપિયા બસો પુરા)** દંડ ભરવો અને જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન : ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવાનું ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**સ્થળ :** પોશીના
**તારીખ :** ૧૧/૦૭/૨૦૨૬

**( એચ. કે. સન્યાલ )**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
પોશીના
જજ કોડ – જીજે.૦૧૪૬૬